ક્રમાંક:ગકવ/૧૬૨૦૧૨/૨૭૮૦/ક.૨


સત્યમેવ જયતે

એમ.એમ.જોષી
સંયુક્ત સચિવ(કૃષિ યુનિ.)

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
બ્લોક નં.૫, પહેલો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦, ગુજરાત (ભારત)
ફોન: ૦૭૯-૨૩૨૫૦૮૦૯, ફેકસ-૨૩૨૫૨૦૦૭


તા.૨૫/૧૦/૨૦૧૨

પ્રતિ,
કુલપતિશ્રી,
કૃષિ યુનિવર્સિટી,
આણંદ/જુનાગઢ/નવસારી/સ.કૃ.નગર

વિષય:- છઠ્ઠા પગાર પંચ મુજબ પે-વેરીફીકિશન (સ્ટીકર)માં પડતર કેસો બાબત..

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે છઠ્ઠા પગાર પંચના પે-વેરીફીકેશનના ઘણા લાંબા સમયથી પડતર રહેલ છે. આ બાબતેના મારા તા.૨૫/૦૯/૨૦૧૨ના સરખા ક્રમાંકના પત્રથી માહિતી માંગવામાં આવતા તે સંદર્ભે જે માહિતી મોકલવામાં આવેલ છે તેનું પૃથ્થકરણ કરતા ધ્યાન ઉપર આવેલ છે કે સામાન્ય અને પૂર્તતા થઇ શકે તેવા કેસોમાં પણ વેરીફીકેશન થયેલ નથી. તે ધ્યાને લેતા યુનિવર્સિટી દ્વારા અત્યાર સુધી થયેલ પ્રયત્નો ગંભીરતાપૂર્વક હાથ ધરાયેલ નથી તેવું જણાય છે.

હાલમાં જે કેસો વેરીફીકેશન થયા વગરના રહેલ છે તેની વિગતો નીચેના પત્રકમાં **તા.૨૯/૧૦/૨૦૧૨ના રોજ ૧૨.૦૦ કલાક સુધીમાં** મોકલી આપવા વિનંતી છે.

**પે-વેરીફીકિશન પડતર કેસોનું વર્ગીકરણ:**

| જે તે કચેરી કક્ષાએ પડતર રહેલ કેસો | હિસાબી અધિકારી-વ- હિસાબ નિયામકની કચેરીમાં પડતર રહેલ કેસો | પે-વેરીફીકેશન યુનિટ કક્ષાએ વિચારણા હેઠળના પડતર રહેલ કેસ | પે-વેરીફીકેશન સોફ્ટવેરના પ્રશ્નને કારણે પડતર રહેલ કેસો |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |

નાણાં વિભાગનું પે-વેરીફીકેશન યુનિટ ટૂંક સમયમાં બંધ થનાર હોઇ જે કર્મચારી/ અધિકારીઓના પે-વેરીફીકેશન નહિ થાય તેની જવાબદારી જે તે યુનિવર્સિટીની કુલસચિવ અને હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક રહેશે.

કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટીનું ધ્યાન તેઓની યુનિવર્સિટીના હિસાબી અધિકારી-વ- હિસાબ નિયાકના તા.૨૭/૦૩/૨૦૧૨ના પત્ર તરફ દોરવામાં આવે છે. જેમા તેઓએ પે વેરીફીકેશન પડતર રહેવા માટે યુનિવર્સિટીમાં જીસ્વાન કનેકટીવીટી કાર્યરત ન હોવાનું જણાવેલ છે. એ બાબતે ધ્યાન દોરવાનું કે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી, તાલુકા મામલતદાર કચેરીઓમાં જીસ્વાન કનેકટીવીટીની સુવિધા ઉપલબ્ધ હોય છે. નવસારી ઉપરાંત નજીકમાં સુરત, તાપી અને વલસાડ જિલ્લાની ઉકત કચેરીઓમાં પણ પરામર્શથી તે કચેરીના જીસ્વાન સુવિધાનો ઉપયોગ કરી પે-વેરીફીકેશનની કાર્યવાહી આગળ વધારી શકાયેલ હોત. યુનિવર્સિટીના અધિકારીઓ દ્વારા કલ્પનાશીલતાનો ઉપયોગ થાય તો યુનિવર્સિટીની કામગીરી સુચારૂ બને.

વિશેષમાં જ્યાં સુધી પડતર કેસોનો નિકાલ ન થાય ત્યાં સુધી કુલસચિવ અને હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકનો પગાર ન આકારવા /ન ચુકવવા સબંધીતોને સૂચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(એમ.એમ.જોષી)
સંયુક્ત સચિવ(કૃષિ યુનિ.)

Registrar & Accounts Officer-cum-Comptroller for immediate action please
3/11/2012

PSVC/ 2056/12
D+ 3/11/12

ઓડીએમ-૩ શાખા
તા. 6 NOV 2012

ફેક્સ મારફત/ તાત્કાલિક

સમય મર્યાદા

ક્રમાંક:પરચ/૧૦૨૦૧૨/૧૪૮૫ /ખ-૩

કૃષિ અને સહકાર વિભાગ

સચિવાલય; ગાંધીનગર

તા.૨૩/૧૦/૨૦૧૨

પ્રતિ,

- ડૉ. બી.આર.શાહ,ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર
- શ્રી બી.એસ.પટેલ,બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર
- ડૉ. એ.જે.કાછીઆ પટેલ,પશુપાલન, નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર
- શ્રી પી.એલ.દરબાર,મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- શ્રી દિલીપ રાવલ, રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી,નિરીક્ષણ અને અન્વેષણ સમિતી,અમદાવાદ
- શ્રી એસ.આર.ચૌધરી, મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લી.ગાંધીનગર
- ડૉ.એચ.એન.ખેર,કુલસચિવશ્રી, સરદારકૃષિનગર કૃષિ યુનિવર્સિટી,સરદારકૃષિનગર
- ડૉ.પી.આર.વૈષ્ણવ, કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
- શ્રી એમ.એસ.પુરોહીત, કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી
- ડૉ.આર.એલ.શિયાણી, કુલસચિવશ્રી, જુનાગઢ કૃષિયુનિવર્સિટી, જુનાગઢ

વિષય:- છઠ્ઠા પગારપંચ અન્વયે પે વેરીફીકેશન ના પડતર કેસો બાબત

શ્રીમાન

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે નાંણા વિભાગના તા.૧૩/૦૭/૨૦૧૨ના પત્ર અન્વયે છઠ્ઠા પગાર પંચના પે વેરીફીકેશનના પડતર કેસોનો તાત્કાલિક નિકાલ કરવા આ વિભાગનાતા.૦૮/૦૭/૨૦૧૨, ૨૦/૦૮/૨૦૧૨, ૧૨/૦૯/૨૦૧૨, ૧૮/૦૯/૨૦૧૨ તથા તા.૦૪/૧૦/૨૦૧૨ના સરખા ક્રમાંકના પત્રથી આપને સુચના આપવામાં આવેલ હતી અને આ અંગે અત્રેથી વારંવાર ટેલીફોનીક સુચનાઓ આપવા છતાં છઠ્ઠા પગાર પંચના પે વેરીફીકેશનના પડતર કેસોનો નિકાલ કરવા અસરકારક રીતે કાર્યવાહી થયેલ જણાતી નથી. આપના ખાતા કે ખાતા હસ્તકની કચેરીના છઠ્ઠા પગાર પંચના પે વેરીફીકેશનના પડતર કેસો

Comptroller
A-1-1
A-2-4
A-2-1
A-1-2
A-2-3
A-2-5
તાકીદે
૩/૧૧/૧૨

કુલસચિવ વિભાગ જ.કૃ.યુ. જુનાગઢ
જા.ક્ર.નં. ૭૮૦૪
5 NOV 2012
એડીએમ-૩ શાખા

A-2-3
૭/૧૧/૧૨
Email
5/11

તા.૦૩/૧૧/૨૦૧૨ સુધીમાં સંપુર્ણ નિકાલ થાય તે જોવા વિનંતી છે અન્યથા આ કાર્યવાહી પુર્ણ ન થાય તો જે તે સંબધિત અધિકારી/કર્મચારીશ્રીની અંગત જવાબદારી નકકી કરવા, આવનારી રજાના દિવસોમાં રોકાઇને પણ છઠ્ઠા પગાર વેરીફીકેશનના પડતર તથા વાંધામાં આવેલા કેસોની કામગીરી પુર્ણ કરવા જણાવવામાં આવે છે. આ બાબતમાં નિષ્કાળજી રાખનાર તથા સુચનાઓનું પાલન ન કરનાર કર્મચારી/અધિકારીના કેસોમાં કડકાઇપુર્ણ વર્તન રાખવા અને શિસ્તકીય કાર્યવાહી હાથ ધરવા પણ સુચન છે.આ અંગે કરેલ કાર્યવાહીની માહિતી અત્રે તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

R.T. Christian

(આર.ટી ક્રિશ્ચિયન)

નાયબ સચિવ

કૃષિ અને સહકાર વિભાગ

---

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/૨૦૬૪૨-૯૧/૨૦૧૨,

નવસારી

તા. ૦૬/૧૧/૨૦૧૨ ૦૭

કુલસચિવ

નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી

નકલ સવિનય રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી કરવા સારૂ :–

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.